પાટનગર યોજના ભવન પાસે પાર્કીંગ શેડનું કામ શરૂ કરાયું

કર્મચારીઓની હાલાકી નિવારવા પાર્કીંગ પ્લેસ ઉભું કરાયું

ગાંધીનગર, તા.૨૯

પાટનગર યોજના ભવનના કર્મચારીઓને યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા પૂરી પાડવા નવો પાર્કીંગ શેડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ પણ અન્ય એક શેડ બનાવાનો હતો. આમ છતાં વાહનોની સંખ્યા સામે પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી નવા શેડનું કામ શરૂ કરી દેવાયું છે.

શહેરમાં કોમર્શિયલ વિસ્તાર સહિતના જાહેર સ્થળોએ વાહન પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બની છે. નાગરિકોમાં પણ પાર્કીંગ સેન્સનો અભાવ હોવાથી ઘણી વખત જાહેર સ્થળોએ આડેધડ પાર્કીંગ થતા ટ્રાફિકની દંષ્ટિએ પણ અનેક પ્રશ્નો ઉદભવે છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરમાં વિવિધ સાત જેટલા સ્થળોએ થોડા સમય પૂર્વે જ પાર્કીંગ પ્લેસ બનાવાયા છે. બીજી તરફ સરકારી કચેરીઓ આસપાસ પણ યોગ્ય વ્યવસ્થાના અભાવે પાર્કીંગનો પ્રશ્ન જટીલ બન્યો છે. સે-૧૬માં સ્થિત પાટનગર યોજના ભવનની કચેરી સામે પણ છેલ્લા કેટલાક સમયથી યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા અભાવે જયાં ત્યાં વાહનો ખડકાઈ જતા હોવાથી અવ્યવસ્થા જોવા મળી હતી. જેને ધ્યાને લઈ પાટનગર યોજના ભવન દ્વારા થોડા સમય અગાઉ નવો પાર્કીંગ શેડ બનાવાયો હતો.

વાહન પાર્કીંગના સ્થળે પર્યાપ્ત શેડના અભાવે ઘણીવાર તોફાને ચઢતા વાનરોએ વાહનોને નુકશાન કર્યું હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ તંત્ર દ્વારા પાર્કીંગની જરુરીયાતને ધ્યાને લઈ નવો શેડ બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે.

રણાસણ સર્કલ પાસેથી ખીચોખીચ ઢોરો ભરેલી બે ટ્રકો ઝડપાઈ

બે ટ્રકો કબ્જે લઈ ઢોરો લઈ જનાર બંને શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા રણાસણ સર્કલ પાસેથી ગત મોડી સાંજે ખીચોખીચ ઢોરો ભરેલી ટ્રકો પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે જીવદયા સેવા સમિતિ તથા પોલીસે વોચ ગોઠવીને બંને ટ્રકો ઝડપી પાડી હતી.

ડભોડા પોલીસે બે ટ્રકો કબ્જે લઈ બંનેના ડ્રાઈવરોની એનીમલ ક્રુએલ્ટી એકટ મુજબ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જીવદયા સેવા સમિતના ચેરમેન ગીતાબેન રતીલાલ ઠકકર તથા ડભોડા પોલીસ ગઈકાલે સાંજે બાતમીને આધારે રણાસણ સર્કલ પાસે વોચ પર હતાં દરમિયાન બાતમી વાળી બંને ટ્રકો પૈકી ટ્રક નં. જીજે ૨૪ યુ. ૪૨૯ અને જીજે ૨૪ યુ ૧૭૭૨ નાની-મોટી ભેંસો તથા બચ્ચાઓ ભરેલી ત્યાંથી પસાર થતા પોલીસે ઝડપી લીધી હતી. ટ્રકોમાં ખીચોખીચ ઢોરો ભરેલા હતાં. ડભોડા પોલીસે એનીમલ ક્રુએલ્ટી એકટ મુજબ પાટણના રમેશ ચતુર ઠાકોર અને પાલનપુરના સોકતઅલી અહેમદઅલી શેખની ધરપકડ કરી બંને ટ્રકો જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરી પુછપરછ આરંભી છે. જો કે પ્રાથમિક તપાસમાં બંને ટ્રકો કાયેદસરની હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

સેકટર-૪માંથી ઝાડી-ઝાંખરા દૂર કરવા સ્થાનિક વસાહતી દ્વારા માગણી

ગાંધીનગર, તા.૨૯

પાટનગર યોજના ભવન દ્વારા નવરાત્રીના પવિત્ર તહેવારો દરમિયાન દર વર્ષે ચોમાસા દરમિયાન ઉગી નીકળેલાં ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવે છે, પરંતુ સેકટર-૪માં દિવાળીના તહેવારો નજીક હોવા છતાં ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવ્યા ન હોવાથી યુવા કાર્યકર શ્રી અશ્વિન જાટીયાએ પાટનગર યોજના ભવનના મુખ્ય ઈજનેરશ્રી (પા.યો.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગને આ બાબતે આવેદનપત્ર પાઠવી સત્વરે ઝાડી ઝાંખરા દૂર કરવા માંગણી કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ સેકટર-૪, નવવિકસિત તથા ખેતરાઉ વિસ્તાર હોવાથી અવારનવાર સાપ તથા અન્ય ઝેરી જીવજંતુ નીકળવાના કિસ્સાઓ બનતાં રહે છે.

આથી વસાહતીઓમાં ભયની લાગણી રહે છે. આ ઉપરાંત આવી ઝાડીથી ગંદકી થતાં રોગચાળાનો ભય રહેલો છે. જે ધ્યાને લઈ સમગ્ર સેકટરના રીંગ રોડ તેમજ આંતરીક માર્ગોની આસપાસ ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરા દૂર કરવાની જરુર છે.

ખાસ કરીને, ખ દોઢથી ઓમકારેશ્વર મંદિર સુધીનો વિસ્તાર, રીંગ રોડ પર ગોગા મહારાજ મંદિરની આસપાસનો વિસ્તાર, સેકટર-૪ના શોપીંગ સેન્ટરની સામેનું મેદાન તથા બગીચાની આસપાસ મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે. દિવાળીના તહેવારો નજીક હોવાથી આ તમામ ઝાડી-ઝાંખરા તથા ઘાસ સત્વરે જે.સી.બી. મશીનથી દૂર કરવા માંગણી છે.

જીસીસી અને સ્ટેનોની પરીક્ષાની તારીખોમાં ફેરબદલી કરાઈ

ગાંધીનગર, તા.૨૯

રાજય પરીક્ષા બોર્ડના સચિવ ડૉ. બી.કે. ત્રિવેદી એ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા જી.સી.સી.ની ટાઈપ લેખન અને સ્ટેનોની પરીક્ષા ૧૮મી ડિસેમ્બરથી ૨૨મી ડિસેમ્બરે લેવાનાર હતી જે વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ૧૫મી જાન્યુઆરી ૨૦૧૩થી ૧૯મી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન લેવામાં આવશે.

જી.સી.સી. અને સ્ટેનોની પરીક્ષાના કાર્યક્રમમાં થયેલી ફેરબદલીના અનુસંધાને આવેદનપત્રોની તારીખમાં પણ ફેરબદલી થઈ છે. આ પરીક્ષા સંબંધિત જિલ્લાની માન્યતા પ્રાપ્ત ટાઈપ ઈન્સ્ટીટયૂટ સંસ્થાઓએ તેમજ સંબંધિત ખાનગી ઉમેદવારોએ ફીના ડી.ડી. સહિત આવેદનપત્રો ભરીને તા.૨૭મી ઓકટોબર ૨૦૧૨ને બદલે તા. ૭મી નવેમ્બર ૨૦૧૨ના રોજ જે તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે જેની દરેકે નોંધ લેવી.

શહેર પેન્શનર્સ સમાજની ૧લીએ બેઠક

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ સેકટર પ્રતિનિધિઓની બેઠક તા. ૧લી નવેમ્બર ૨૦૧૨ના રોજ ગુરુવારે સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સેકટર-૨૨ ખાતે બપોરે ૪ કલાકે મળશે.

શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિકના અધ્યક્ષ સ્થાને યોજાનાર બેઠકમાં સંસ્થાના મુખપત્ર પેન્શનર પ્રદાનનાં દિપોત્સવી અંકના વિતરણ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસ્થાના મુખપત્ર પેન્શનર પ્રદાનના દિપોત્સવી અંકના વિતરણ વ્યકિતગત રીતે દરેક સેકટરના પ્રતિનિધિને હાથોહાથ આપવાના રહેશે. ૬૪ પાનાનો દળદાર અંક હોવાથી પોસ્ટમાં મોકલી શકાશે નહી. જે સેકટરમાં હાલ પ્રતિનિધિના હોય તેવા સેકટરમાં પણ વિતરણની વ્યવસ્થા ગોઠવણી કરવાની રહેશે. તેમજ પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ અમૃત મહોત્સવ ઉજવવામાં આવનાર છે. તે અંગેની જાણકારી તથા વિગતો બેઠકમાં આપવામાં આવશે. આ વર્ષે તા.૧૭મી ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણી અન્વયે મતદાનનો દિવસ હોવાથી અને ત્યાર પછી પણ જગ્યાનો પ્રશ્ન વિચારવામાં આવનાર હોવાથી સભ્યોને અચૂક હાજર રહેવા પ્રવરમંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

સેંટ ઝેવિયર્સના રાજિન્દર સિંધે તરણ સ્પર્ધામાં ૩ ગોલ્ડ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલના ધોરણ-૮માં અભ્યાસ કરતા રાજિન્દરસિંધ આનંદે તાજેતરમાં સ્કૂલ ગેમ્સની સ્ટેટ લેવલની સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં ૩ ગોલ્ડ મેડલ જીતી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

રાજકોટ ખાતે યોજાયેલી સ્ટેટ લેવલની સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં રાજિન્દરસિંધ આનંદે ૫૦મી. બેક સ્ટ્રોક, ૧૦૦ મી. બેકસ્ટ્રોક અને ૨૦૦ મી. બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. શાળાના રવીન્દરસિંધ આનંદે પણ ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

બન્ને ભાઈઓ માંથી રાજિન્દરની ૨૧ થી ૨૫ નવેમ્બરે પૂનામાં રમાનારી ૫૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ માટેની ગુજરાતની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. તરણ સ્પર્ધામાં સફળતા મેળવનાર બન્ને વિદ્યાર્થીઓને આચાર્ય ફાધર હેક્ટર પીન્ટો એસ.જે. તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

શિશુ વિહારના ઉપક્રમે વૃદ્ધજન સન્માન સમારંભ યોજાશે

વિનોદ ઠાકર પ્રમુખ પદે



ગાંધીનગર, તા. ૨૯

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેરના સભ્યોની તાજેતરમાં કારોબારીની બેઠક યોજાઈ હતી. અમદાવાદમાં તાજેતરમાં યોજાયેલી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજની તમામ વિભાગો સાથેની સંયુક્ત કારોબારીની બેઠકમાં વિનોદભાઈ કે. ઠાકરની અમદાવાદ શહેરનાં પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ન્યાલચંદ વકીલ પરિવારનાં સૌજન્યથી શિશુ વિહાર સંસ્થાના ઉપક્રમે દર વર્ષે કલા સાહિત્ય, ડૉકટરી, સમાજ સેવા, વ્યવસાય, શરીર સ્વસ્થ્ય ઈત્યાદી ક્ષેત્રમાં પ્રદાન કરતા ૯૦ વર્ષથી વધુ વય ધરાવતા વૃદ્ધ ભાઈ બહેનોનું સન્માન કરવામાં આવે છે. વૃદ્ધજન સન્માન સમારોહ આગામી ૧૮મી નવેમ્બર ૨૦૧૨નાં રોજ ભાવનગર ખાતે યોજાશે.

'ઉદ્દિયો ભવ' તેમ જે વડીલો પોતાની આત્મ ઉન્નતી માટે જાગૃત છે અને સ્વ વિકાસ સાથે સમાજને ઉપયોગી થવાની ખેવના રાખે છે તેવા નિઃસ્પૃહ વૃદ્ધોનું સન્માન કરવું તે આ પ્રવૃત્તિનો હેતુ છે. સમાજ માટે આદર્શરૂપ વડીલો હોય તેવા વડીલોના નામ-સરનામા શિશુ વિહાર ભાવનગરના સરનામે મોકલી આપવા જણાવાયું છે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોએ શિશુ વિહાર કાર્યાલયમાં પોતાના નામ નોંધાવી જવા એમ મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે જણાવ્યું છે.

ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવા સંશોધનને પ્રોત્સાહિત કરતા અભ્યાસક્રમ અનિવાર્ય

ઈન્ડિયન જીયોફિઝીકલ યુનિયનના ૪૯મા વાર્ષિક અધિવેશનનો આરંભ

ગાંધીનગર, તા. ૨૯

ઈન્ડિયન જીયોફિઝીકલ યુનિયન (આઈજીયુ)ના ૪૯મા વાર્ષિક અધિવેશનનું આજે ગુજરાત સરકારના ઉર્જા તથા પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ તથા ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (જર્મી)ના ચેરમેન તથા મેનેજિંગ ટ્રસ્ટી આઈએએસ શ્રી ડી. જે. પાંડિયનના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈજીયુના પ્રેસિડેન્ટ ડૉ. વી.પી. ડીમરી, માનદ મંત્રી ડૉ. પી. કોટેશ્વર રાવ, જર્મીના ડાયરેક્ટર પ્રોફેસર ટી. હરિનારાયણ, પીડીપીયુ, ગાંધીનગરના ડાયરેક્ટર પ્રોફેસર પી.કે. બનિક અને આઈએસઆર, ગાંધીનગરના ડાયરેક્ટર જનરલ પ્રોફેસર બી.કે. રસ્તોગી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારંભને મુખ્ય અતિથિ તરીકે સંબોધતા શ્રી પાંડિયને જણાવ્યું હતું કે પોતાના વૈજ્ઞાનિકોને મહત્વ આપ્યા વગર કે તેમના કામનું પુરતું વળતર આપ્યા વગર કોઈ સમાજ પ્રગતિ સાધી શકે નહી. આથી આઈજીયુ તમામ વયજુથના વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપી તથા તેમના સંશોધનને પુષ્ટિ આપી આ દિશામાં બહુ મહત્વનું કાર્ય કરી રહ્યું છે. ભારત માટે ઉર્જા સુરક્ષા બહુ મહત્વની છે કારણ કે દેશ તેની ૭૦ ટકા ઈંધણની જરૂરિયાત આયાત દ્વારા પૂર્ણ કરે છે. ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવાના કાર્યમાં વૈજ્ઞાનિકો બહુ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આપણે ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવી હોય તો ઉર્જા ક્ષેત્રને લગતી તમામ માહિતી અને આંકડા જાહેર થાય એવી એક વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે જેથી વૈજ્ઞાનિકો આ માહિતી તથા આંકડા જાણીને તેના આધારે સંશોધન કરી શકે. આ ઉપરાંત આપણી શિક્ષણ આપવાની પ્રથામાં પણ સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરતાં હોય એવા અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ. આમ કરવાથી ભારતને ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવામાં સારી એવી સહાયતા મળી શકે છે. ઉર્જા સુરક્ષાનું મહત્વ સમજાવતાં પદ્મશ્રી ડૉ. ડિમરીએ જણાવ્યું હતું કે વિશ્વની કુલ ૭ અબજની વસતીમાંથી ૩ અબજ લોકો એટલે ૪૨ ટકા વસતી હજી રાંધવા માટે ધન બળતણનો ઉપયોગ કરે છે અને ૧.૫ અબજ લોકો વીજળીનું જોડાણ ધરાવતાં નથી ત્યારે આપણે સૌએ ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવા માટે ગંભીર પગલાં લેવા જોઈએ. ગુજરાતે આ મોરચે સારી પ્રગતિ કરી છે અને તે વીજળીની પુરાંત ધરાવતાં રાજય તરીકે ઉભરી આવ્યુ છે. હવે ગુજરાતની આ પ્રકારની સફળતા સમગ્ર દેશ પણ મેળવે એ જરૂરી બની જાય છે. આઈજીયુ જિઓ સાયંટિસ્ટસને તેમના સંશોધન અંગેના વિચારો રજુ કરવા માટે એક અસરકારક માધ્યમ પુરૂ પાડેલ છે અને જિઓ-સાયંસના પ્રચાર માટે સંસ્થાએ નવી લેક્ચર સિરિઝ શરૂ કરી છે. આવા પ્રયત્નો સંશોધનની પ્રક્રિયાને આગળ વધારવામાં મહત્વના સાબિત થશે.

સરઢવની હોસ્પિટલમાં દાખલ વૃદ્ધે બ્લેડથી બંને હાથોની નસો કાપી નાંખી...!

બબ્બે સંતાનો હયાત હોવા છતાં એકલવાયું જીવન જીવી રહ્યા હતા

ગાંધીનગર, તા.૨૯

સંતાનો હયાત હોવા છતાં ગાંધીનગર નજીકના સરઢવ ગામમાં નિરાધારની જેમ એકલવાયુ જીવન જવી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધ બિમારીને કારણે હોસ્પિટલાઈઝડ થયા હતાં. આ ઉંમરે પણ તેમની આ દશામાં કોઈ સાર-સંભાળ કરવાવાળું સાથે ન હતું. આખરે કંટાળી ગયેલા વૃદ્ધે ગઈ કાલે મોડી રાત્રે સરઢવની સરકારી હોસ્પિટલમાં જ બંને હાથે બ્લેડના ઘા મારીને નસો કાપી નાંખી જીવનલીલા સંકેલી નાંખી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. પેથાપુર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ભુલે ભલે બીજું બધું, મા-બાપને ભુલશો નહીં... પંકિતને અવારનવાર સાંભળતા તો ઘણાંય ને જોયા હશે, પરંતુ તેને સાચા અર્થમાં સમજીને મનમાં ઉતારનાર હજુ પણ શોધવા પડે તેવી સ્થિતિ હોવાનું તાજેતરમાં બનતાં કિસ્સાઓ પરથી ચોકકસપણે કહી શકાય તેમ છે. બાળપણમાં પા-પા પગલી કરાવીને પિતા ભાંખોડીયા ભરતા સંતાનને ધીમેધીમે પગભર થતા શીખવે છે અને જયારે સંતાન પગભર થાય છે ત્યારે તે જ પિતાને જાણે લાત મારી દીધી હોય તેમ તરછોડી મુકે છે. ઘરડા ઘરમાં ચાલી રહેલી વેઈટીંગ સિસ્ટમની આ કડવી વાસ્તવિકતા સ્વિકારવી જ રહી.

ગાંધીનગર નજીકના સરઢવ ગામમાં રહેતા ૭૦ વર્ષીય વિનુભાઈ ચંદુભાઈ ભાવસારને બે દિકરાઓ છે. પૈકી એક મુંબઈ અને એક દિલ્હીમાં સેટલ છે. બંને દિકરા હયાત હોવા છતાં નિરાધાર તરીકેનું જીવન ગાળતા વિનુભાઈ ભાવસાર કુદરતી બિમારીને કારણે સરઢવ ગામની સરકારી હોસ્પિટલમાં દાખલ થયા હતાં. પરંતુ સેવા-ચાકરી માટે કોઈ જ સાથે ન હોવાથી અને બિમારીથી કંટાળી જઈને મધરાત્રે હોસ્પિટલમાં જ તેમમે બંને હાથે બ્લેડ ઘસી મારીને નસો કાપી નાંખી આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પી.એસ.આઈ. બી.કે. પટેલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૦૫

તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫.૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
અજબ ગજબ લવ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
રશ : ૫.૩૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
રશ : ૧૨.૦૦, ૨.૩૦,૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૫.૦૦
અજબ ગજબ લવ : ૭.૪૫
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૩૦, ૭.૧૫,૧૦.૦૦
ઓહ! માય ગોડ : ૨.૧૫
અજબ ગજબ લવ : ૫.૦૦

સિને મેડ્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૯.૪૫
અજબ ગજબ લવ :૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦
રશ : ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૯.૩૦
રશ : ૧૨.૧૫, ૫.૦૦
ઓહ ! માય ગૉડ : ૨.૩૦
ચક્રવ્યૂહ : ૭.૧૫ ● સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
અજબ ગજબ લવ : ૮.૦૦, ૧૦.૩૦, ૬.૪૫
ચક્રવ્યૂહ : ૧.૧૫, ૪.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ચક્રવ્યૂહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રશ : ૧૦.૪૫, ૭.૩૦, ૧૦.૩૦
અજબ ગજબ લવ : ૨.૦૦, ૫.૦૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૧૦.૩૦, ૧૦.૦૦
રશ : ૧.૧૫, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૭.૦૦

ચિરાગ, કલોલ

રશ : ૧૦.૪૫, ૩.૩૦, ૮.૩૦
અજબ ગજબ લવ : ૧.૦૦, ૬.૧૫, ૧૦.૧૫

આપની આજ

મેષ : પૂર્વ કર્મનું સફળ થશે. આપની સંતોષ અને પ્રસન્નતા બની રહેશે. સંતાનની પ્રગતિકારક સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ધર્મ આધ્યાત્મ તરફ ઝોકની વૃત્તિને કારણે માનસિક શાંતિ બની રહેશે. આપની આર્થિક સ્થિતિ સદ્ધર બનતી જણાય. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

મિથુન : આપના પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ આવી શકે છે. કૌટુંબિક સભ્યો સાથે તનાવ ભર્યો માહોલ ઉભો ન થાય તેની તકેદારી રાખવી.

કર્ક : વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે. નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ છે.

સિંહ : અધિકારી વર્ગને પ્રચાર કાર્યોથી લાભ થવાની શક્યતાઓ છે. આપની જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

કન્યા : અંધશ્રદ્ધાઓથી દૂર રહીને, સાહસ અને પરાકમમાં વૃદ્ધિ કરીને પ્રાપ્ત તકોનો લાભ લેવો. આપના કાર્યમાં કરેલા કામની સફળતામાં સંદેહ રહેશે.

તુલા : નાણાં રોકાણથી લાભ થવાની સંભાવના છે. કાર્ય અને સ્થાન પરિવર્તનથી અસ્થિરતા આવી શકે છે. તમારી ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પૂરી થઈ શકશે.

વૃશ્ચિક : પોતાની કોઈ ભૂલથી વિરોધીઓ હાવી ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ વધુ થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખવો.

ધન : વડીલો, ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મિક વ્યક્તિત્વવાળા લોકો માટે સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

મકર : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વેપાર- વ્યવસાયમાં પ્રગતિકારક સમય બની રહેશે. ધૈર્ય અને સંયમ રાખવો જરૂરી છે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ પ્રાપ્તિ થઈ શકશે.

મીન : વ્યાપાર -વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઈશ્વરમાં આસ્થા વધશે. આપની દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. પ્રભુદાસ ચીલાભાઈ પટેલ (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૩૧૧/૧, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. ગોવિંદલાલ માધવલાલ સુથાર (ઉ.વ. ૮૧) મુ.પો. વાસણીયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નાનજી લાઘાજી ઠાકોર (ઉ.વ. ૧૦૫) મુ.પો. નવાકોબા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વસુમતીબેન બળવંતરાય શુકલ (ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૧૬૨/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.